# ગરમીમાં આંશિક રાહત : ઉકળાટમાં વધારો

## સતત ત્રણ દિવસ ૪૪ ડિગ્રીથી ઉપર રહ્યાં પછી ગરમીનો પારો ઘટીને ૪૩.૨ ડિગ્રી સે. નોંધાયો : વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારાની સ્થિતિમાં વધારો થયો



ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં આજે તાપમાનનો પારો એક ડિગ્રી જેટલો નીચે આવતા શહેરીજનોને ગરમીમાં આંશિક રાહતનો અનુભવ થયો હતો. ગઈકાલે જે મહત્તમ તાપમાન ૪૪.૨ ડિગ્રી સે. હતુ તે ઘટીને આજે ૪૩.૨ ડિગ્રી સે. નોંધાયુ હતુ. જોકે લઘુત્તમ તાપમાન નજીવા ફેરફાર સાથે ૩૦ ડિગ્રી સે. રહેવા પામ્યું હતુ. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે જે ૭૫ ટકા હતુ તે સાંજ સુધીમાં ઘટીને ૨૬ ટકા નોંધાયુ હતુ જેમાં છેલ્લા ત્રણ દિવસથી ધીમો પરંતુ સતત વધારો જોવા મળ્યો હતો જેના કારણે દિવસભર ઉકળાટમાં વધારો અનુભવાઈ રહ્યો છે.

આ વર્ષનું ચોમાસુ કેરળ આવી પહોંચ્યા બાદ દરિયાઈ કિનારે વાવાઝોડાનો ખતરો ઉભો થયા પામ્યો છે. ગાંધીનગરમાં જો કે હજુ વાદળોની એન્ટ્રી થવા પામી નથી છતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી રહ્યું છે અને ગરમીનો પારો પણ જળવાઈ રહ્યો હોવાને કારણે દિવસભર સતત ઉકળાટ અનુભવાય છે અને સાંજના સુમારે જ્યારે વાતાવરણ સુકુ થઈ જાય છે ત્યારે બફારાનું પ્રમાણ ખુબ વધી જવા પામે છે. બફારાને કારણે પંખા ચાલુ હોવા છતાં શહેરીજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે અને જેના ઘરમાં કે ઓફિસમાં એસીની સગવડ છે ત્યાં સતત એસી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના માર્ગોને રંગીન-હરિયાળા બનાવવા ડ્રીપ સાથે વૃક્ષોનું વાવેતર કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોને રંગીન અને હરિયાળા બનાવવા માટે આ વખતે વન વિભાગ દ્વારા ડ્રીપ સાથે વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. આ માટે પ્રથમ તબક્કામાં ૧૨ કિ.મી.ના માર્ગોની પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગરના માર્ગોને ફુલોથી સુશોભિત બનાવવા જ નહિ પરંતુ ગ્રીનસીટીનો દરજ્જો પાછો મળે તે માટેના પ્રયાસોના ભાગરૂપે ત્રણ વર્ષનું આ અંગેનું આયોજન કરી દેવામાં આવ્યુ છે. પ્રથમ વર્ષે ૧૨ કિ.મી.ના માર્ગોને આવરી લેવામાં આવશે.

**ચ-૦ થી જ-૭ અને જ-માર્ગથી સચિવાલય તેમજ પોલીસ ભવનના માર્ગને પ્રથમ તબક્કામાં આવરી લેવાશે : આગામી બે વર્ષમાં નગરના તમામ માર્ગોને આવરી લેવાશે**

તાજેતરમાં વનવિભાગે આ અંગે આખા આયોજનની રૂપરેખા સાથે એક પ્રેઝન્ટેશન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજુ કર્યુ હતુ.

પ્રથમ તબક્કામાં અર્થાત આ વર્ષે ચ-૦ થી જ-૭ સુધીના માર્ગ પર પામ, ગરમાળો, બોગનવેલના વૃક્ષનું વાવેતર કરવામાં આવશે. આ ઉપરાંત સચિવાલયને જોડતા અન્ય ચાર કિ.મી.ના માર્ગ પર પણ આ જ વૃક્ષોનું વાવેતર આગામી દિવસોમાં કરાશે.

વન વિભાગના સૂત્રોએ દાવો કર્યો છે કે વન વિભાગ દ્વારા જે વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે તેમાં ૬૫ થી ૭૫ ટકા જેટલા વૃક્ષો તેની સતત જાળવણીથી વૃદ્ધિ પામી રહ્યા છે. આ સૂત્રોએ એવો પણ દાવો કર્યો છે કે અમે ગાંધીનગરને ગ્રીનસીટીનો દરજ્જો પાછો અપાવવા માટે મક્કમ છીએ.

રીપ્લાન્ટેશન પ્રોજેક્ટમાં પણ સારી સફળતા મળી છે. ડ્રીપ દ્વારા જે પાણી આપવામાં આવશે તે ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી મેળવેલ રિસાયકલ કરેલ પાણી અપાશે. આ માટેની તૈયારીઓનો આરંભ પણ થઈ ચુક્યો છે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ચ-૦ થી જ-૭ સુધીનો ૮ કિ.મી.નો માર્ગ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગિફ્ટ સીટીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે તપન રે નિમાયા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સરકારે ગિફ્ટસીટીના મેને. ડિરેક્ટર તરીકે પૂર્વ સનદી અધિકારી તપન રે ની નિયુક્તી કરી છે.

આઈ.એસ.એફ.એસ.નો હિસ્સો સરકાર દ્વારા સંભાળી લેવામાં આવતાં જ સરકાર હરકતમાં આવી હતી. ગિફ્ટસીટી એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સ્વપ્ન છે અને તેમાં બે ટાવર હાલ કાર્યરત થયા છે.

ગિફ્ટીસીટીના ચેરમેન તરીકે પૂર્વ સચિવ સુધીર માંકડ કાર્યરત છે હવે મેને. ડિરેક્ટર તરીકે તપન રે ની નિયુક્તી કરવામાં આવી છે. તપન રે અગાઉ કોર્પોરેટ એફેર્સના સેક્રેટરી તરીકે તેમજ રાજય સરકારના વિવિધ વિભાગોમાં પણ ફરજો બજાવી ચુક્યા છે.

શ્રી રે ની નિમણુંક પછી હવે ગિફ્ટસીટી પ્રોજેક્ટ ઝડપથી આગળ વધશે તેમ મનાઈ રહ્યુ છે. સરકારે આ પ્રોજેક્ટરમાં જ આઈ.ટી. પાર્ક બનાવવાની પણ ઘોષણા કરી છે જે જી.આઈ.ડી.સી.ને સાથે રાખી ડેવલપ કરવામાં આવનાર છે.

ત્રણ દાયકાથી વધારે સમયગાળાની કારકિર્દીમાં શ્રી રાયે ભારત સરકારનાં સંરક્ષણ, કાપડ, વીજ, વિજ્ઞાન અને ટેકનોલોજી તથા આયોજન મંત્રાલયોમાં કેટલીક ચાવીરૂપ ભૂમિકા અદા કરી છે. તેમણે ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં અગ્ર સચિવ તરીકે પણ સેવા આપી છે. શ્રી તપન રે ગુજરાત સરકાર અને ભારત સરકારની વિવિધ કંપનીઓમાં ૧૨ વર્ષથી વધારે સમયગાળાનો કોર્પોરેટ અનુભવ ધરાવે છે તથા આશરે પાંચ વર્ષ સુધી ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન ગ્રૂપનાં મેનેજિંગ ડિરેક્ટર હતાં.

૧૯૮૨ની બેચનાં ગુજરાત કેડરનાં આઈએએસ અધિકારી શ્રી રેને તાજેતરમાં વચગાળાના ઈકોનોમિક અફેર્સ સેક્રેટરી તરીકે વધારાની જવાબદારી સુપરત કરવામાં આવી હતી. ઉપરાંત તેમણે સંરક્ષણ વિભાગમાં સંયુક્ત સચિવ તથા સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)નાં બોર્ડમાં પણ કામ કર્યું છે.

શ્રી રે આઈઆઈટી, દિલ્હીનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને અમેરિકાની પ્રિન્સટન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મનપાની પેટાચૂંટણી જુલાઈમાં યોજવાના ચક્રો ગતિમાન

**મનપા દ્વારા મતદારયાદીની જાહેરાત કરી દેવાઈ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણી અંગે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ માસના અંત સુધીમાં જાહેરાત થઈ શકે છે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

જુલાઈ માસમાં જુનાગઢ મનપાની સામાન્ય ચૂંટણી સાથે ગાંધીનગર મનપાની વોર્ડ નં. ૩ની ખાલી પડેલી બેઠક માટેની ચૂંટણી યોજાશે.

મળતા નિર્દેશો મુજબ મનપા દ્વારા મતદારયાદીની જાહેરાત કરી દેવાઈ છે આ પછી હાલ નવા મતદારોની નોંધણી અંગે પ્રક્રિયા ચાલી રહી છે. તે એકાદ સપ્તાહમાં પૂર્ણ થઈ ગયા પછી રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અંગેની ઘોષણા થશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરના પૂર્વ મેયર પ્રવિણ પટેલે ૧૪મી ફેબ્રુઆરીએ પોતાના હોદ્દા ઉપરથી તેમજ કાઉન્સીલર તરીક રાજીનામુ આપ્યુ હતુ. આ પછી ખાલી પડેલી બેઠક માટે ૬ મહિનામાં ચૂંટણી કરવી જરૂરી બને છે. એટલે જુલાઈમાં આ પેટા-ચૂંટણી યોજવામાં આવશે તે નક્કી મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર મનપાની આ પેટા-ચૂંટણી અંગે બન્ને પક્ષમાં ખાનગીમાં બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. બન્ને પક્ષો નવા ચહેરાઓ સાથે મેદાનમાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે હજુ બન્ને પક્ષો પેટા-ચૂંટણીની વિધિવત્ ઘોષણા થાય તેની રાહ જોઈ તેમની વ્યુહરચના સહિતની બાબતો અંગે સંપૂર્ણ મૌન જાળવી અને છાતી સરખા કાર્ડ રાખી આગળ વધી રહ્યા છે.

# જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મહેસુલ મંત્રી કૌશિક પટેલ નિમાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે રાજયના મહેસુલ મંત્રી શ્રી કૌશિક પટેલની નિયુકિત કરી છે.



જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે સેવાઓ આપતા રાજય મંત્રી પરબતભાઈ પટેલ સાંસદ તરીકે ચુંટાયા તેઓએ ધારાસભ્ય અને મંત્રી મંડળના સભ્ય તરીકે રાજીનામું આપતા આ જગ્યા ખાલી પડી હતી. મહેસુલ મંત્રી કૌશિક પટેલ સુરત ઉપરાંત ગાંધીનગરના પ્રભારી મંત્રી તરીકે ફરજો બજાવશે. રાજયના સામાન્ય વહીવટ વિભાગે આજે તેમની નિયુકિત અંગેનો પરિપત્ર જારી કર્યો છે. આ પરિપત્રમાં જવાહરભાઈ ચાવડા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, યોગેશ પટેલ, ઈશ્વરસિંહ પટેલ, વિભાવરીબેન દવે તેમજ કૌશિક પટેલ ઉપરાંત આર.સી. ફળદુને પણ જિલ્લાઓની ફાળવણી કરાઈ હોવાનું જણાવાયું છે.

પ્રભારી મંત્રી તરીકે સતત બે ટર્મ સુધી પરબતભાઈ પટેલે ફરજો બજાવી હતી. પરબતભાઈ પટેલ જિલ્લાની રાજકીય પરિસ્થિતિથી પણ સારી રીતે વાકેફ હતા.

નવ નિયુકત પ્રભારી મંત્રી કૌશિક પટેલ પણ ગાંધીનગરથી સંપૂર્ણ પરિચિત હોવા ઉપરાંત સંગઠ્ઠન તેમજ રાજકીય સ્થિતિથી પણ સંપૂર્ણ વાકેફ છે. તેઓ ટુંકમાં જ જિલ્લાના પ્રવાસે આવશે તેમ જાણવા મળેલ છે.

# દહેગામ નગરપાલિકાની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની દહેગામ નગર પાલિકાની એક બેઠકની પેટા ચૂંટણી યોજવાની આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી છે. રાજ્ય ચૂંટણી પંચે આજે ચૂંટણી અંગેના જારી કરેલા કાર્યક્રમ મુજબ ૧૭મીએ આ પેટા ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે. આ સાથે જ ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થશે. ૨૨મી જુન સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે.

૨૪મી જુને ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે જ્યારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૨૫ જુન રહેશે. આ પેટા ચૂંટણી માટે મતદાનની જરૂર પડે તો ૭ જુલાઈના રોજ મતદાન યોજવામાં આવશે અને ૯મી જુલાઈના રોજ તેની મતગણતરી કરવામાં આવશે.

# વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં ૮ દિવસનું વેકેશન

**વિવિધ વિભાગોની માંગણીઓ પર ૧૨ દિવસ ચર્ચાના ફાળવવામાં આવ્યા તો ૪ દિવસ બે-બે બેઠકો રખાઈ છે**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા ૨જી જુલાઈથી શરૂ થઈ રહેલા વિધાનસભાના અંદાજપત્ર સત્ર અંગેનું કામચલાઉ કેલેન્ડર જારી કર્યુ છે. આ સત્ર દરમ્યાન ચાર રજા આવે છે અને ચાર દિવસ બેઠકો રાખવામાં આવી નથી.

રાજ્ય સરકારે આ સત્ર દરમ્યાન બાર દિવસ જુદા જુદા વિભાગોની માંગણીઓ પર ચર્ચા માટે ફાળવ્યા છે. જ્યારે ૨જી જુલાઈએ રજુ થનાર રાજ્યના અંદાજપત્ર પરની ચર્ચા માટે ચાર દિવસ ફાળવ્યા છે.

આ સત્ર દરમ્યાન ૯મી જુલાઈ, ૧૬ જુલાઈ, ૧૮મી જુલાઈ અને ૨૩મી જુલાઈએ બે-બે બેઠક રાખવામાં આવી છે. ૨૫મી જુલાઈએ વિનિયોગ વિધયેક, સરકારી વિધેયક અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ સૂચવવામાં આવ્યો છે.

કેલેન્ડરમાં સરકારી વિધયેકો અને સરકારી કામકાજ માટે ત્રણ દિવસ ફાળવવામાં આવ્યા છે.

ટુંકમાં વિધાનસભાના સત્ર દરમ્યાન અંદાજપત્રની મહત્વની નાણાંકીય કામગીરી કરશે. આ સત્રમાં બાર દિવસ માંગણીઓ પરની ચર્ચા માટે ફાળવવામાં આવ્યા છે.

જ્યારે અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમ્યાન બન્ને પક્ષો તરફથી રાજકીય અવલોકનો થશે તેમ મનાઈ રહ્યુ છે.

વિધાનસભાના આ સત્રને લઈ બન્ને પક્ષોએ તેમની રણનીતિ તૈયાર કરવાની કવાયત હાથ ધરી દીધી છે.

# ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ્સ એન્ડ હેલ્થકેર એક્ઝીબીશન

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દવા ઉત્પાદકોને આવનારા બે દાયકાના ભાવિને ધ્યાને રાખી લોકોને વાજબી ભાવે દવા અને આરોગ્ય રક્ષા પ્રદાન કરવા આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, નવી નવી થતી જતી બિમારી-રોગ સામેના રક્ષણાત્મક ઉપચાર ઉપાય તરીકે સસ્તી અને સચોટ દવા પૂરી પાડવાનું જનસેવા દાયિત્વ દવા ઊદ્યોગે નિભાવવાનું છે.

મુખ્યમંત્રી વિજયભાઈએ ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ એન્ડ હેલ્થકેર એકઝીબિશનનો પ્રારંભ કરાવ્યો હતો. આ એકઝીબિશનમાં ૧૨૦ દેશો, ૩૭૦ એકઝીબિટર્સ અને ૭૦૦થી વધુ દેશ-વિદેશના વ્યવસાયકારો ભાગ લેવાના છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સના સહયોગથી





ફાર્માસ્યુટીકલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ દ્વારા તા. ૧૦ થી ૧૨ જૂન-૨૦૧૯ દરમ્યાન આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

વિજયભાઈ રૂપાણીએ ફાર્માસ્યુટીકલ – દવા ઊદ્યોગ ક્ષેત્રને માત્ર વ્યવસાય તરીકે ન જોતાં જનસેવા માટે ઈશ્વરે આપેલી તક તરીકે લેવાનો સૌને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, સામાન્ય માનવીને ગંભીર કે અન્ય બિમારીઓમાં સસ્તા દરે સરળતાથી દવાઓ મળી રહે તે આપણો સંકલ્પ હોવો જોઈએ. રાજ્યનો દવા ઉત્પાદન- હિસ્સો દેશના ઉત્પાદનના ૩૦ ટકા છે તે વધારીને ૪૫ ટકાએ પહોચાડવાનું સરકારનું આયોજન છે. તેમણે ગુજરાતમાં કેન્દ્ર સરકારના સહયોગથી મેડીકલ ડીવાઈસીસ પાર્ક શરૂ કરવાની દિશામાં પણ સરકાર પ્રતિબધ્ધ છે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સફળતાને પગલે ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ૧૦ હજાર કરોડના એમઓયુ કરવામાં આવ્યા છે અને તેના પરિણામે વ્યાપક રોજગાર અવસર મળશે. તેમ ઉમેર્યુ હતું. તેમણે આ પ્રદર્શનીને સફળતાની શુભેચ્છાઓ પાઠવતાં દેશ-વિદેશના એકઝીબિટર્સનું ગુજરાતની ધરતી પર સ્વાગત કર્યુ હતું.

આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી. કે. પરમારે પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, બે દશકાથી દેશમાં થતી દવાઓના કુલ ઉત્પાદનનું ત્રીજા ભાગથી વધુનું ઉત્પાદન ગુજરાત કરે છે. રાજ્યમાં ૩૫૦૦થી વધુ દવાઓ ઉત્પાદન એકમો છે અને ૬૦૦ ઉપરાંત તો WHO માન્યતા પ્રાપ્ત છે.

● અનુસંધાન પાન-૭ પર

# કેબિનેટમંત્રી બાવળિયાની જીતને હાઈકોર્ટમાં પડકારાઈ

**જસદણની પેટા ચૂંટણીના પરિણામ મામલે હાઈકોર્ટમાં ૧૯મી જુને વધુ સુનાવણી હાથ ધરાશે**

ગાંધીનગર, તા.૧૦

૨૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ યોજાયેલી જસદણ વિધાનસભાની પેટાચૂંટણીને લઈ હાઈકોર્ટમાં અરજી થઈ છે. મધુ નિરૂપા નટવરલાલે રાજ્યના કેબિનેટમંત્રી કુંવરજી બાવળિયાની જીતને હાઈકોર્ટમાં પડકારી ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે હાઈકોર્ટ ૧૯ જૂનના રોજ સુનાવણી કરશે. આ દરમિયાન રાજ્યના પાણી પુરવઠા મંત્રી એવા કુંવરજી બાવળિયા પોતાનો પક્ષ રાખશે.

ઉલ્લેખનીય છે કે, કુંવરજી બાવળિયા જુલાઈ ૨૦૧૮માં કોંગ્રેસ છોડીને ભાજપમાં આવતા જસદણ વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ હતી. ત્યાર બાદ ૨૩ ડિસેમ્બરે યોજાયેલી મતગણતરીમાં બાવળિયાની ૧૯,૦૦૦થી વધુ મતે વિજય થયો હતો.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com